શબ્દસમૂહ માટે એક શબ્દનો સાચો વિકલ્પ પસંદ કરો.

1. He was ____ Napoleon of his age.

(A) a
(B) the
(C) an
(D) none

2. ગુજરાત રાજ્યના નાણાંપ્રધાન શ્રી નીતિનભાઈ પટેલ દ્વારા તાજેતરમાં વિધાનસભામાં રજૂ કરવામાં આવેલ બજેટ 2017-18 અન્વયે ખેતી વિષયક ટ્રેક્ટર ઉપરના હયાત વેરાના સ્થાને આ વાહનોની વેચાણ કિંમતના કેટલા ટકા વેરો રાખવાની દરખાસ્ત કરવામાં આવેલ છે?

(A) 3%
(B) 2·75%
(C) 2%
(D) 2·5%

3. જો GLARE શબ્દને 67810 કોડ નંબર દ્વારા દર્શાવવામાં આવે અને MONSOON શબ્દને 2395339 કોડ દ્વારા દર્શાવવામાં આવે તો RANSOM શબ્દને ક્યા કોડ દ્વારા દર્શાવી શકાય?

(A) 183952
(B) 189352
(C) 189532
(D) 198532

| | |
|---|---|
| 1 | B |
| 2 | A |
| 3 | C |
| 4 | C |
| 5 | C |
| 6 | B |
| 7 | રદ |
| 8 | C |

4. નીચે આપેલ શબ્દનો સમાસ ઓળખાવો.
નરસિંહ

(A) તત્પુરુષ
(B) ઉપપદ
(C) કર્મધારય
(D) દ્વન્દ્વ

5. પવિત્ર રૂકમાવતી નદીના કિનારે આવેલ યાત્રાધામ રામપર વેકરા ક્યા જિલ્લામાં આવેલું છે?

(A) બનાસકાંઠા
(B) સાબરકાંઠા
(C) કચ્છ
(D) પોરબંદર

6. Find the nearest meaning of 'Devour'

(A) Came off
(B) Eat greedily
(C) All types
(D) Eat crowdly

7. ખેડા સત્યાગ્રહ કઈ સાલમાં થયો હતો?

(A) 1920
(B) 1917
(C) 1915
(D) 1930

8. ક્યા સાહિત્યકારે 'પરિક્રમા નર્મદા મૈયાની' પુસ્તક દ્વારા ગુજરાતી પ્રવાસ સાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે?

(A) મધુરાય
(B) ધ્રુવ ભટ્ટ
(C) અમૃતલાલ વેગડ
(D) રઘુવીર ચૌધરી



for more solved papers please visit
www.toppers-zone.com

www.marugujarat.in

9. છ ઘંટ એક સાથે વાગવાનાં શરૂ થાય છે અને તેઓ અનુક્રમે 2, 4, 6, 8, 10, 12 સેકન્ડનાં સમયાંતરે વાગે છે. 30 મીનીટમાં એ બધા ઘંટ કેટલીવાર એકસાથે વાગશે?

(A) 4
(B) 10
(C) 15
(D) 16

10. ભારતના મુખ્ય ચૂંટણી કમિશનરનું નામ જણાવો.

(A) એસ. વાય. કુરેશી
(B) વી. એસ. સંપત
(C) નસીમ ઝૈદી
(D) એચ. એસ. બ્રહ્મા

11. The chief, with all his subordinates, _____ massacred.

(A) were
(B) have been
(C) was
(D) are

12. અલંકારનો પ્રકાર વિકલ્પમાંથી શોધો.
મારા નેત્ર બંધ હોય ત્યારે મને ઊંઘતો ન સમજવો તે એક પ્રકારની સમાધિ છે.

(A) વર્ણસગાઈ
(B) ઉપમા
(C) વ્યાજસ્તુતિ
(D) વ્યતિરેક

13. સત્તાનું પ્રતિનિધાન હોવું એ કેવા પ્રકારની પ્રક્રીયા છે?

(A) રાજકીય
(B) વહીવટી
(C) સામાજિક
(D) કાયદાકીય

14. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ અંદાજપત્ર 2017-18 અન્વયે ક્યા વિસ્તારમાં પાંચ ડિપ્લોમા અભ્યાસક્રમ સાથેની નવી સરકારી પોલીટિકનિક કોલેજ શરૂ કરવાનું ઠરાવવામાં આવ્યું છે?

(A) દાહોદ
(B) લીમખેડા
(C) અરવલ્લી
(D) હાલોલ

15. એક માણસ પાસે કેટલાંક મરઘાં અને ગાયો છે. જો માથાની સંખ્યા 48 હોય અને પગની સંખ્યા 140 હોય તો મરઘાંની સંખ્યા કેટલી હોય?

(A) 22
(B) 23
(C) 24
(D) 26

| | |
|---|---|
| 9 | D |
| 10 | ૨૯ |
| 11 | C |
| 12 | C |
| 13 | B |
| 14 | D |
| 15 | D |

www.marugujarat.in



for more solved papers please visit
www.toppers-zone.com

| | |
|---|---|
| 16 | C |
| 17 | A |
| 18 | D |
| 19 | A |
| 20 | A |
| 21 | C |

16. નીચે આપેલ કહેવતનો સાચા અર્થવાળો વિકલ્પ શોધો.

દૂઝણી ગાયની લાત પણ સારી

(A) જાહેર ચીજ સૌના માટે હોય છે

(B) દૂઝણી ગાય નુકસાન પહોંચાડતી નથી

(C) ફાયદો કરાવનારના દોષ પણ સહી લેવા

(D) દૂઝણી ગાય દૂધ આપતી નથી

17. Such a decision would not be kind even if it ____ just.

(A) were
(B) was
(C) is
(D) will be

18. 73માં બંધારણ સુધારાથી દેશમાં પ્રથમવાર કોને માટે રાજકીય અનામત પ્રથા દાખલ થઈ?

(A) મહિલાઓ
(B) અનુસૂચિત જાતિઓ
(C) અનુસૂચિત જનજાતિઓ
(D) ઉપરોક્ત તમામ

19. ગુજરાત યુનિવર્સિટીના વર્તમાન કુલપતિનું નામ જણાવો.

(A) ડૉ. હિમાંશુ પંડ્યા
(B) ડૉ. એમ. એન. પટેલ
(C) ડૉ. વખારિયા
(D) ડૉ. હર્ષદ ત્રિવેદી

20. નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો.

(a) પ્રેમાનંદ — (1) ભૂતિનિબંધ
(b) શામળ — (2) બરાસકસ્તૂરી
(c) કવિ દલપતરામ — (3) સાક્ષરજીવન
(d) ગોવર્ધનરામ ત્રિપાઠી — (4) રણયજ્ઞ

(A) b-2, a-4, c-1, d-3
(B) b-4, c-2, d-3, a-1
(C) a-3, b-2, d-1, c-4
(D) d-1, c-2, b-4, a-3

21. નીચે આપેલ શ્રેણી પૂર્ણ કરો.

3, 7, 23, 95, ____

(A) 62
(B) 128
(C) 479
(D) 575



for more solved papers please visit
www.toppers-zone.com

www.marugujarat.in

**22.** I will find you, ____ you go.

(A) whatever (B) wherever

(C) whithersoever (D) whenever

**23.** ભારત સરકારમાં ડીઝાસ્ટર મેનેજમેન્ટ ક્યા વિભાગ દ્વારા સંભાળવામાં આવે છે?

(A) મિનિસ્ટ્રી ઓફ હેલ્થ (B) મિનિસ્ટ્રી ઓફ એન્વાયરમેન્ટ

(C) મિનિસ્ટ્રી ઓફ અર્થ સાયન્સીસ (D) મિનિસ્ટ્રી ઓફ હોમ અફેર્સ

| | |
|---|---|
| 22 | B & C |
| 23 | D |
| 24 | D |
| 25 | D |
| 26 | C |
| 27 | B |
| 28 | C |

**24.** નીચે આપેલ શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ જણાવો.

ઉદધિ

(A) સરિતા (B) માખણ

(C) આપગા (D) અબ્ધિ

**25.** નીચેનામાંથી કયો વિકલ્પ Control Panel માં જોવા મળતો નથી?

(A) Sound (B) Mouse

(C) Display (D) My Account

**26.** માણસોમાં "ફ્લોરોસીસ" નામનો થતો રોગ પાણીમાં નીચેના ક્યા તત્ત્વના વધારે પ્રમાણને કારણે સંભવી શકે?

(A) કેલ્શિયમ (B) મેગ્નેશિયમ

(C) ફ્લોરાઈડ (D) કાર્બન

**27.** Forty thousand rupees ____ a large sum.

(A) are (B) is

(C) were (D) been

**28.** નીચે આપેલ વાક્યનો કર્મણિપ્રયોગનો સાચો વિકલ્પ શોધો.

પ્રમોદરાય ભીંત સામું જોઈ રહ્યા

(A) પ્રમોદરાય ભીંત સામું જોઈ રહે છે (B) પ્રમોદરાયથી ભીંત સામું જોઈ રહેવાય છે

(C) પ્રમોદરાયથી ભીંત સામું જોઈ રહેવાયું (D) પ્રમોદરાયથી ભીંત સામું જોઈ રહેવાશે



www.marugujarat.in

for more solved papers please visit
www.toppers-zone.com

**29.** 3600 ને નાનામાં નાની કઈ સંખ્યા વડે ભાગવાથી પૂર્ણઘન સંખ્યા બને?

(A) 9
(B) 50
(C) 300
(D) 450

**30.** ગ્રામ પંચાયત કક્ષાએ ગૌણ વન પેદાશોના વહીવટ અંગેની સમિતિના અધ્યક્ષ કોણ હોય છે?

(A) વન વિકાસ સમિતિના પ્રમુખ
(B) સરપંચ
(C) તલાટી
(D) સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ

**31.** આવનારા વર્ષ 2018 માં એશીયન ગેઈમ્સ ક્યા દેશમાં રમાશે?

(A) મ્યાનમાર (બર્મા)
(B) ઈન્ડોનેશીયા
(C) નોર્થ કોરીયા
(D) મલેશીયા

**32.** ક્યા સાહિત્યકારને ગુજરાત સાહિત્ય સભાએ 'રણજિતરામ સુવર્ણપદક' આપવાની જાહેરાત કર્યા બાદ તેમણે આ પદકનો સવિનય અસ્વીકાર કર્યો હતો?

(A) ગૌરીશંકર જોષી
(B) જયંત પાઠક
(C) સુરેશ દલાલ
(D) સ્વામી આનંદ

| | |
|---|---|
| 29 | D |
| 30 | B |
| 31 | B |
| 32 | A |
| 33 | C |
| 34 | B |

**33.** Match antonyms :

(a) Cautious — (1) Mar
(b) Abundance — (2) Scarcity
(c) Fertile — (3) Rash
(d) Make — (4) Barren

(A) a-1, b-2, c-3, d-4
(B) a-4, b-2, c-1, d-3
(C) a-3, b-2, c-4, d-1
(D) a-2, b-4, c-1, d-3

**34.** ભારતમાં નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી (NDMA)ની રચના ક્યા વર્ષમાં કરવામાં આવી?

(A) 2007
(B) 2005
(C) 2003
(D) 2002



for more solved papers please visit
www.toppers-zone.com

| | |
|---|---|
| 35 | C |
| 36 | C |
| 37 | D |
| 38 | C |
| 39 | B |
| 40 | B |
| 41 | C |

**35.** 3 વર્ષ પહેલાં પાંચ સભ્યોનાં એક કુટુંબની સરેરાશ ઉંમર 17 વર્ષ હતી. કુટુંબમાં નવું બાળક જન્મવા છતાં કુટુંબની સરેરાશ ઉંમર બદલાતી નથી. તો નવા જન્મેલા બાળકની હાલની ઉંમર કેટલી હોય?

(A) 1 વર્ષ
(B) 1·5 વર્ષ
(C) 2 વર્ષ
(D) 3 વર્ષ

**36.** નીચે આપેલ વાક્યનો કર્તરિપ્રયોગનો સાચો વિકલ્પ શોધો.

છાયાથી ગંધર્વના પ્રેમમાં પડાયું

(A) છાયા ગંધર્વને પ્રેમ કરે છે
(B) છાયા ગંધર્વને પ્રેમ કરશે
(C) છાયા ગંધર્વના પ્રેમમાં પડી
(D) શું છાયા ગંધર્વના પ્રેમમાં પડી

**37.** નીચેનામાંથી ક્યા રાજ્યને વિશેષ રાજ્યનો દરજ્જો પ્રાપ્ત થયેલ નથી?

(A) આસામ
(B) નાગાલેન્ડ
(C) હિમાચલ પ્રદેશ
(D) ઝારખંડ

**38.** ભારતમાં જાહેર વહીવટ અંગેનું શિક્ષણ સૌ પ્રથમ ક્યા વિશ્વવિદ્યાલયમાં કરવામાં આવ્યું?

(A) જવાહરલાલ નહેરુ વિશ્વવિદ્યાલય
(B) દિલ્હી વિશ્વવિદ્યાલય
(C) લખનઉ વિશ્વવિદ્યાલય
(D) હૈદરાબાદ વિશ્વવિદ્યાલય

**39.** Find the correct sentence(s) :

(a) He fled lest he should not be killed.
(b) He fled lest he should be killed.
(c) He fled lest that he should not be killed.
(d) He fled so last that he sould not be killed.

(A) b
(B) d
(C) a
(D) c and a

**40.** નીચે આપેલ વાક્યનો ભાવેપ્રયોગવાળો સાચો વિકલ્પ શોધો.

કુંવર રડી પડી

(A) કુંવર રડી પડશે
(B) કુંવરથી રડી પડાયું
(C) કુંવરથી રડી પડાય છે
(D) કુંવર રડશે નહીં

**41.** યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

KM 5, IP 8, GS 11, EV 14, ____

(A) BX 17
(B) BY 17
(C) CY 17
(D) CY 18



www.marugujarat
for more solved papers please visit
www.toppers-zone.com

42. ગુજરાત સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં બાંધકામ માટે નવા જી.ડી.સી.આર. (GDCR) અંતર્ગત એક સમાન નિયમો લાગુ પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ GDCR શું છે?

(A) General Development Control Reforms

(B) General Development Control Regulations

(C) General Development Control Rules

(D) General Development Controlling Regulations

| | |
|---|---|
| 42 | B |
| 43 | A |
| 44 | C |
| 45 | A |
| 46 | A |

43. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ અંદાજપત્ર 2017-18 અન્વયે "કૃષિ અને સહકાર વિભાગ"નું નામ બદલીને શું રાખવાનું ઠરાવવામાં આવ્યું છે?

(A) "કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ"

(B) "કૃષિ, પશુપાલન અને સહકાર વિભાગ"

(C) "ખેડૂત કલ્યાણ અને પશુપાલન વિભાગ"

(D) "કૃષિ સહકાર અને પશુપાલન વિભાગ"

44. કલાત્મક રીતે સાદી સરળ વાણીમાં અર્થપૂર્ણ અને માર્મિક વાતો કહેનારા ગઝલકાર મરીઝનું નામ જણાવો.

(A) અબ્દુલ અનવરહુસેન વાસી
(B) અનવર કાદીરઅલી વાસી
(C) અબ્બાસ અબ્દુલઅલી વાસી
(D) અલ્તાફ શૌકતઅલી વાસી

45. _____ water runs always deep.

(A) Still
(B) Steal
(C) Stil
(D) Steel

46. નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો.

| | | | |
|---|---|---|---|
| (a) | જૈન પંચતીર્થમાનું વિખ્યાત સ્થળ-સુથરી | (1) | આણંદ જિલ્લો |
| (b) | કાચબાના ઉછેર માટેનું કેન્દ્ર - હાથબ | (2) | કચ્છ જિલ્લો |
| (c) | નવલખા દરબારગઢ માટે જાણીતું-ગોંડલ | (3) | ભાવનગર જિલ્લો |
| (d) | વિશાળ થર્મલ પાવર સ્ટેશન-ધુવારણ | (4) | રાજકોટ જિલ્લો |

(A) a-2, d-1, c-4, b-3
(B) d-1, c-4, b-2, a-3
(C) c-3, b-4, a-2, d-1
(D) b-3, a-4, d-2, c-1



for more solved papers please visit
www.toppers-zone.com

www.marugujarat.in

47. એક વર્ગના વિદ્યાર્થીઓની સરેરાશ ઉંમર 15·8 વર્ષ છે. વર્ગમાં છોકરાઓની સરેરાશ ઉંમર 16·4 વર્ષ અને છોકરીઓની સરેરાશ ઉંમર 15·4 વર્ષ છે. તો વર્ગના છોકરાઓ અને છોકરીઓની ઉંમરનો ગુણોત્તર શોધો.

(A) 1 : 2
(B) 2 : 3
(C) 3 : 4
(D) 3 : 5

| | |
|---|---|
| 47 | રદ |
| 48 | C |
| 49 | A |
| 50 | રદ |
| 51 | B |
| 52 | B |
| 53 | C |

48. નીચે આપેલ વાક્યનો પ્રેરકનો સાચો વિકલ્પ શોધો.

તે ખાય છે

(A) તેનાથી ખવાય છે
(B) તેની પાસે ખવાશે
(C) તેને ખવડાવે છે
(D) તેને ખવડાવશે

49. દરિયા કીનારે આવેલું રમણિય સ્થળ ડુમસ ક્યા જિલ્લામાં આવેલું છે?

(A) સુરત
(B) તાપી
(C) નવસારી
(D) ભરૂચ

50. A surveying instrument for measuring horizontal or vertical angles, consisting of a small telescope mounted on a tripod is _____.

(A) Geometer
(B) Odometer
(C) Theodolite
(D) Anvil

51. આવનારા દિવસોમાં સામાન્ય ચૂંટણીઓમાં ઉપયોગમાં લેવાનાર વીવીપેટ (VVPAT) મશીનનું પૂરું નામ જણાવો.

(A) Voter's Verification Paper Audit Trail
(B) Voter Verifiable Paper Audit Trail
(C) Voter Verification Paper Audit Trail
(D) Voter Verifiable Paper's Audit Trail

52. રેખાંકિત પદનો કૃદંતનો પ્રકાર શોધી જણાવો.

ક્રિશા <u>લખતાં-લખતાં</u> ટીવી જુએ છે.

(A) ભૂતકૃદંત
(B) વર્તમાનકૃદંત
(C) ભવિષ્યકૃદંત
(D) વિધ્યર્થકૃદંત

53. ત્રણ સંખ્યાઓનો સરવાળો 136 છે. જો પહેલી અને બીજી સંખ્યાનો ગુણોત્તર 2 : 3 બીજી અને ત્રીજી સંખ્યાનો ગુણોત્તર 5 : 3 હોય તો બીજી સંખ્યા શોધો.

(A) 40
(B) 48
(C) 60
(D) 72

www.marugujarat



for more solved papers please visit
www.toppers-zone.com

54. ગુજરાત રાજ્યમાં આવેલ સુરત જિલ્લાને ક્યા તમામ (ચારેય) જિલ્લાઓની હદ સ્પર્શે છે?

(A) વલસાડ, ડાંગ, તાપી, છોટા ઉદેપુર
(B) તાપી, ભરૂચ, નવસારી, નર્મદા
(C) નવસારી, ડાંગ, નર્મદા, ભરૂચ
(D) છોટા ઉદેપુર, ડાંગ, વલસાડ, તાપી

55. Celina Jaitley said to Alia Bhatt, "Had your father not discovered 'zero', this budget _____ possible".

(A) will not have been
(B) had been
(C) would have been
(D) would not have been

56. લોકપ્રિય નવલકથાકાર મોહમ્મદ માંકડની કૃતિનું નામ જણાવો:

(A) અંદર દીવાદાંડી
(B) કેલિડોસ્કોપ
(C) અંતરાત્મા
(D) મૌનની મહેફિલ

57. જળવાયુ ક્યા બે વાયુઓનું મિશ્રણ છે?

(A) કાર્બન ડાયોક્સાઈડ અને હાઈડ્રોજન
(B) કાર્બન અને હાઈડ્રોજન
(C) કાર્બન મોનોક્સાઇડ અને હાઈડ્રોજન
(D) એમોનિયા અને હાઈડ્રોજન

58. Vote and _____ for me, please.

(A) canvass
(B) cenvass
(C) canvaas
(D) canvase

59. સાચાં જોડકાં જોડો :

| અ | બ |
|---|---|
| (a) Ornithology | (1) Body |
| (b) Anthropology | (2) Birds |
| (c) Physiology | (3) Plants |
| (d) Botany | (4) Man |

(A) a-2, b-4, c-3, d-1
(B) a-4, b-1, c-2, d-3
(C) a-3, b-4, c-2, d-1
(D) a-2, b-4, c-1, d-3

60. નીચેનામાંથી કયું વાક્ય નિપાતવાળું છે:

(a) મહેનત કરશો તો પરીક્ષામાં પાસ થશો
(b) હું આવ્યો પણ તમે ઘરે નહોતા
(c) ઈશ્વર આવ્યો ને પ્રશ્ન ઊકલી ગયો
(d) ગરમીમાં કેવળ સફેદ જ વસ્ત્રો પહેરો

(A) a અને d
(B) b અને d
(C) c અને d
(D) d

| | |
|---|---|
| 54 | B |
| 55 | D |
| 56 | B |
| 57 | C |
| 58 | A |
| 59 | D |
| 60 | D |



www.marugujarat.in

for more solved papers please visit
www.toppers-zone.com

61. I cannot ____ to your request.

(A) axcid
(B) acseed
(C) accede
(D) exseed

62. પાકિસ્તાન દ્વારા ફાંસીની સજા પામેલા કુલભૂષણ જાદવને ફાંસી સામે મનાઈ હુકમ આપવા ભારત દ્વારા કઈ કોર્ટમાં રજૂઆત કરવામાં આવી?

(A) ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ
(B) ઈન્ટરનેશનલાઈઝ્ડ કોર્ટ ફોર જસ્ટિસીસ
(C) ઈન્ટરનેશનલ કોરિએન્ડમ ફોર જસ્ટિસ
(D) ઈન્ટરનેશનલ કોર્ટ ફોર જસ્ટિસ

63. નોકરશાહી માટે વપરાતો શબ્દ બ્યુરોક્રેસી (Bureaucracy) શબ્દ કઈ ભાષામાંથી આવ્યો છે?

(A) કોરીયન
(B) ફ્રેન્ચ
(C) સ્વીડીશ
(D) પર્સીયન

64. નીચે આપેલ તળપદા શબ્દનું શિષ્ટ રૂપ વિકલ્પમાંથી શોધો.
ભાઠો

(A) પથરો
(B) ભાલ
(C) દલાલી
(D) કલેડું

| | |
|---|---|
| 61 | C |
| 62 | A |
| 63 | B |
| 64 | A |
| 65 | C |
| 66 | B |

65. ત્રણ સંખ્યાઓમાં પહેલી બે સંખ્યાઓનો સરવાળો 45 છે. બીજી અને ત્રીજી સંખ્યાઓનો સરવાળો 55 છે અને ત્રીજી સંખ્યામાં પ્રથમ સંખ્યાનાં ત્રણ ગણા ઉમેરતા સરવાળો 90 થાય છે. તો ત્રીજી સંખ્યા શોધો.

(A) 20
(B) 25
(C) 30
(D) 3

66. Find the appropriate option for the underlined part :
He was <u>reared</u> by his uncle and aunt.

(A) grown by
(B) brought up
(C) back-viewed
(D) grew up



www.marugujarat.in

for more solved papers please visit
www.toppers-zone.com

67. અણધાર્યા સંજોગો/ઘટનાના કારણે ખેડૂતોને પાક નુકશાનીથી જે આર્થિક નુકશાન થયું હોય તેમને આર્થિક ટેકો આપવા સરકાર દ્વારા કઈ યોજના અમલમાં મૂકાયેલ છે?

(A) પ્રધાનમંત્રી પાક બીમા યોજના
(B) પ્રધાનમંત્રી નુકશાન વળતર બીમા યોજના
(C) પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના
(D) પ્રધાનમંત્રી કૃષિ ધિરાણ યોજના

68. નીચે આપેલા વિકલ્પોમાં કયો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો.

(A) કુરંગ
(B) સારંગ
(C) નીલકંઠ
(D) મૃગ

69. એક વેબપેજ પરથી બીજા વેબપેજ પર જવાની સુવિધા કોણ આપે છે?

(A) હાયપર લિંક
(B) માસ્ટર લિંક
(C) જોઈન્ટ લિંક
(D) કેસ્કેડિંગ લિંક

70. આપણાં દેશમાં પ્રવાસી ભારતીય દિવસ ક્યા કારણસર ઉજવવામાં આવે છે?

(A) મહાત્મા ગાંધીનું વિદેશી ભારતીયો સાથેનું મિલન
(B) મહાત્મા ગાંધીનું અંગ્રેજી પ્રવાસીઓ સાથે મિલન
(C) મહાત્મા ગાંધીના સ્વદેશાગમન
(D) આફ્રીકાના પ્રવાસીઓ સાથે મહાત્મા ગાંધીની મુલાકાત

| | |
|---|---|
| 67 | C |
| 68 | C |
| 69 | A |
| 70 | C |
| 71 | D |
| 72 | A,B & C |

71. "Some poets are at least as great as Tennyson."
(Change into superlative degree of comparison)

(A) Tennyson is greater than some poets.
(B) Tennyson is greatest of all poets.
(C) Tennyson is one of the greatest poets.
(D) Tennyson is not the greatest of all poets.

72. નીચેનામાંથી સમાસનું કયું જોડકું સાચું છે?

(A) વરદાન-કર્મધારય
(B) તોલમાપ - દ્વન્દ્વ
(C) પ્રત્યેક-અવ્યયીભાવ
(D) એકઢાળિયું - દ્વિગુ



www.marugujarat.in
for more solved papers please visit
www.toppers-zone.com

73. દસ વર્ષમાં $A$ ની ઉંમર, $B$ ની દસ વર્ષ પહેલાંની ઉંમર કરતાં બમણી થશે. જો હાલ $A$, $B$ કરતાં 9 વર્ષ મોટો હોય તો, $B$ ની હાલની ઉંમર શોધો.

(A) 19 વર્ષ
(B) 29 વર્ષ
(C) 39 વર્ષ
(D) 49 વર્ષ

| | |
|---|---|
| 73 | C |
| 74 | D |
| 75 | A |
| 76 | A |
| 77 | C |

74. નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો.

(a) સ્થિતિસ્થાપકતા અને વિરૂપણબળ વચ્ચેનો સંબંધ દર્શાવતો નિયમ — (1) રોબર્ટ બોઈલ

(b) "અચળ તાપમાને નિશ્ચિત દળના વાયુના દબાણ અને કદનો ગુણાકાર અચળ રહે છે." — (2) રોબર્ટ હુક

(c) "કેથોડ કિરણો એ ઈલેક્ટ્રોનનો પ્રવાહ છે. આ પ્રવાહ ઋણવિજભારીત છે." — (3) પાસ્કલ

(d) પ્રવાહીમાં પદાર્થ પર લગાડેલ બળના પ્રસારણનો નિયમ — (4) થોમસન અને ક્રુક્સ

(A) d-1, b-3, a-2, c-4
(B) a-4, d-3, c-1, b-2
(C) a-3, c-2, d-1, b-4
(D) b-1, c-4, a-2, d-3

75. ચુડા તાલુકો ગુજરાત રાજ્યના ક્યા જિલ્લામાં આવેલ છે?

(A) સુરેન્દ્રનગર
(B) સાબરકાંઠા
(C) ગાંધીનગર
(D) ભરૂચ

76. નીચે આપેલ શબ્દનો સમાસ ઓળખાવો.

આબરૂ

(A) તત્પુરુષ
(B) મધ્યમપદલોપી
(C) બહુવ્રીહિ
(D) અવ્યવીભાવ

77. Give the adjective form of 'Enemy'.

(A) Enimical
(B) Enmity
(C) Inimical
(D) Enemical



for more solved papers please visit
www.toppers-zone.com

www.marugujarat.in

**78.** કુદરતી ગેસના ભંડારનું ઉદ્‌ભવસ્થાન લુણેજ ક્યા જિલ્લામાં આવેલું છે?

(A) નવસારી (B) ભરૂચ

(C) અરાવલી (D) આણંદ

| | |
|---|---|
| 78 | D |
| 79 | C |
| 80 | D |
| 81 | B |
| 82 | B |
| 83 | C |

**79.** Fill in the gap :

Oxygen : Burn :: Carbon dioxide : ____

(A) Isolate (B) Foam

(C) Extinguish (D) Explode

**80.** કલકત્તામાં શેઠ જીવણલાલ (જીવનલાલ)ની પેઢીમાં નોકરી કર્યા બાદ ક્યા સાહિત્યકારે ગુજરાતી ભાષામાં સંવેદનશીલ અને જોમભર્યા સર્જક તરીકેની નામના મેળવી?

(A) કવિ કલાપી (B) કનૈયાલાલ મુનશી

(C) જયંતી દલાલ (D) ઝવેરચંદ મેઘાણી

**81.** ભારતના 68મા પ્રજાસત્તાક દિને રાષ્ટ્રપતિ દ્વારા 2017ના વર્ષ માટે ક્યા મહાનુભાવને પદ્મ વિભૂષણ પુરસ્કાર આપવાની જાહેરાત કરવામાં આવી?

(A) રામાસ્વામી આયંગર (B) સદગુરૂ જગ્ગી વાસુદેવ

(C) સ્વામી નીરંજનાનંદ સરસ્વતી (D) વિશ્વમોહન ભટ્ટ

**82.** The moon has hid ____ face behind a cloud.

(A) his (B) her

(C) its (D) my

**83.** ગાંધીજી સમાનતાના ચૂસ્ત આગ્રહી હતા. કોચરબ ખાતે તેમણે શરૂ કરેલ આશ્રમમાં સૌ પ્રથમ ક્યા અંત્યજ (હરિજન) પરિવારનો સમાવેશ કર્યો?

(A) દામજીભાઈ-રેવતીબહેન (B) દાનીયલભાઈ - ગંગાબહેન

(C) દૂદાભાઈ - દાનીબહેન (D) ધ્યાનચંદ - રેવાબહેન



www.marugujarat

for more solved papers please visit
www.toppers-zone.com

**84.** શબ્દકોશ પ્રમાણે સાચો ક્રમ દર્શાવતો વિકલ્પ શોધો.

(A) અતોલ, અતીવ, અતિચાર, અતલસ
(B) અતલસ, અતિચાર, અતીવ, અતોલ
(C) અતીવ, અતોલ, અતલસ, અતિચાર
(D) અતિચાર, અતલસ, અતોલ, અતીવ

**85.** એક વ્યક્તિને તેની ઉંમર વર્ષમાં પૂછતાં, તેણે જવાબ આપ્યો, "મારી ત્રણ વર્ષ પછીની ઉંમરનાં ત્રણ ગણામાંથી ત્રણ વર્ષ પહેલાંની ઉંમરનાં ત્રણ ગણા બાદ કરતાં મારી હાલની ઉંમર મળે છે." તો વ્યક્તિની હાલની ઉંમર કેટલી હશે?

(A) 18 વર્ષ
(B) 20 વર્ષ
(C) 24 વર્ષ
(D) 32 વર્ષ

| | |
|---|---|
| 84 | B |
| 85 | A |
| 86 | B |
| 87 | A |
| 88 | ૨૬ |
| 89 | C |
| 90 | C |

**86.** ભારતમાં જિલ્લા કલેક્ટરની સ્થાપના કોના દ્વારા કરવામાં આવી?

(A) લોર્ડ રીપન
(B) લોર્ડ વોર્ન હેસ્ટીંગ્સ
(C) લોર્ડ માઉન્ટબેટન
(D) લોર્ડ ક્લાઈવ

**87.** The antonym of 'Democracy' is ____.

(A) Autocracy
(B) Presidency
(C) Theocracy
(D) Secular

**88.** નીચેના શબ્દના સાચી રીતે છૂટા પાડેલા સ્વર-વ્યંજનો (ધ્વનિશ્રેણી) વિકલ્પમાંથી શોધો.
વિજ્ઞાન

(A) વ્+ઈ+જ્ઞ્+આ+ન્+અ
(B) વ્+ઈ+જ્+ન્+આ+ન્+અ
(C) વ્+ઈ+જ્ઞા+આ+ન્+અ
(D) વ્+ઈ+જ્+ઞ્+આ+ન્+અ

**89.** ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ અંદાજપત્ર 2017-18 અન્વયે રાજ્યના ક્યા વિસ્તારોમાં નવી કોર્ટ શરૂ કરવાનું ઠરાવવામાં આવેલ છે?

(A) રાજપીપળા, કેવડિયા અને દાહોદ
(B) લીમખેડા, કણજરી અને હાલોલ
(C) હાલોલ, દાહોદ અને લીમખેડા
(D) કેવડિયા, સાદરા અને બોટાદ

**90.** પંજાબના પ્રચલિત લોકનૃત્યનું નામ જણાવો.

(A) અંકિયા નટ
(B) નાધિયા
(C) કીક્કલી
(D) મુંઝરા



www.marugujarat.in
for more solved papers please visit
www.toppers-zone.com

91. $\sqrt{2}$, $\sqrt[3]{3}$, $\sqrt[4]{4}$ માં સૌથી મોટી સંખ્યા કઈ?

(A) $\sqrt{2}$
(B) $\sqrt[3]{3}$
(C) $\sqrt[4]{4}$
(D) બધા જ સરખાં છે

92. નીચે જણાવેલ કૃતિઓમાંથી કઈ કૃતિ જયંતિ દલાલની નથી?

(A) જૂજવાં
(B) મૂકમ્ કરોતિ
(C) નિયતિ
(D) ઉત્તરા

93. Find the correct spelling of the word for 'Generations'.

(A) Contemporaries
(B) Contemprories
(C) Contamporaries
(D) Contempraries

94. ભારતમાં 61મા બંધારણીય સુધારા દ્વારા લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓમાં મતાધિકારની ઉંમર 21 વર્ષથી ઘટાડીને 18 વર્ષ કરવામાં આવી. આ સુધારો ક્યા વર્ષથી અમલમાં આવ્યો?

(A) 1987
(B) 1988
(C) 1986
(D) 1989

| | |
|---|---|
| 91 | B |
| 92 | C |
| 93 | A |
| 94 | D |
| 95 | A |
| 96 | C |
| 97 | C |

95. કચ્છનો સમગ્ર વિસ્તાર ભૂકંપના ક્યા ઝોનમાં આવે છે?

(A) 5 મા ઝોનમાં
(B) 7 મા ઝોનમાં
(C) 6 મા ઝોનમાં
(D) 10 મા ઝોનમાં

96. રેખાંકિત પદનો કૃદંતનો પ્રકાર શોધી જણાવો.
મિથુન જમીને ફરવા જતો.

(A) વર્તમાનકૃદંત
(B) ભૂતકૃદંત
(C) સંબંધક ભૂતકૃદંત
(D) હેત્વર્થકૃદંત

97. ગુજરાતના પ્રથમ રાજ્ય નાણાંપંચના અધ્યક્ષ કોણ હતા?

(A) ધીરૂભાઈ શાહ
(B) સનત મહેતા
(C) જશવંત મહેતા
(D) વિનય શર્મા



for more solved papers please visit
www.toppers-zone.com

www.marugujarat.in

**98.** The statue was ____ with leaves of gold.

(A) golded (B) gilded

(C) guilded (D) goldded

**99.** દરીયા ઉપરથી આવતું વાવાઝોડું સૌ પ્રથમ વખત જમીનને સ્પર્શે તેને શું કહેવામાં આવે છે?

(A) લૅન્ડ ફૉલ (B) ઓસન ફૉલ

(C) મોન્સ્ટર ફૉલ (D) અર્થ ફૉલ

| | |
|---|---|
| 98 | B |
| 99 | A |
| 100 | D |
| 101 | A |
| 102 | C |
| 103 | A |
| 104 | B |

**100.** છંદનો પ્રકાર વિકલ્પમાંથી શોધો.
આકાશે સંધ્યા ખીલી'તી માથે સાતમ કેરો ચાંદ

(A) ઝૂલણા (B) દોહરો

(C) હરિગીત (D) સવૈયા

**101.** GUIનું પૂરું નામ શું છે?

(A) Graphical User Interface (B) Geographical Use of Internet

(C) Giga Uses of Internet (D) Graphics Unlimited Interface

**102.** તાજેતરમાં ઈંગ્લેન્ડ ખાતે ભારત-પાકિસ્તાન વચ્ચેની ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટ મેચ ક્યા શહેરમાં રમાડવામાં આવી હતી?

(A) લીવરપુલ (B) માંચેસ્ટર

(C) બર્મિંગહામ (D) બ્રિસ્ટોલ

**103.** He is blind. He can see with ____ of his eyes.

(A) neither (B) either

(C) both (D) any

**104.** સુવિખ્યાત કવિતા 'કૂંચી આપો બાઈજી! તમે કિયા પટારે મેલી મારા...' ના રચયિતાનું નામ જણાવો.

(A) બ. ક. ઠાકોર (B) વિનોદ જોશી

(C) મકરંદ દવે (D) જયન્ત પાઠક



for more solved papers please visit
www.toppers-zone.com

105. 'વર્તુળ: વ્યાસ' જેવી જોડી પસંદ કરો.

(A) લંબચોરસ : વિકર્ણ
(B) વ્યાસ : ત્રિજ્યા
(C) ચોરસ : લંબચોરસ
(D) દ્વિભાજક : ખૂણો

106. કઈ ધાતુ ઉષ્માની મંદવાહક છે?

(A) એલ્યુમિનિયમ
(B) લેડ
(C) કોપર
(D) સિલ્વર

107. ગીરનાં જંગલને ક્યા વર્ષથી અભ્યારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું?

(A) 1980
(B) 1970
(C) 1969
(D) 1965

| | |
|---|---|
| 105 | A |
| 106 | B |
| 107 | D |
| 108 | C |
| 109 | B |
| 110 | D |

108. નીચે આપેલ શબ્દનો સાચો વિરોધી શબ્દ વિકલ્પમાંથી શોધો.
અતડું

(A) અલગ
(B) તડું
(C) મિલનસાર
(D) અતર

109. He put on a new shirt yesterday, _____ he?

(A) doesn't
(B) didn't
(C) did
(D) hasn't

110. નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો.

(a) ટેલિફોન
(1) રૂડોલ્ફ
(b) વિજળીનો ગોળો
(2) રાઈટ બ્રદર્સ
(c) ડીઝલ એન્જિન
(3) એલેક્ઝાંડર ગ્રેહામ બેલ
(d) એરોપ્લેન
(4) થોમસ એડિસન

(A) b-1, c-2, a-4, d-3
(B) c-2, d-1, a-4, b-3
(C) d-1, c-3, b-4, a-2
(D) a-3, c-1, d-2, b-4



www.marugujarat.in
for more solved papers please visit
www.toppers-zone.com

| | |
|---|---|
| 111 | B |
| 112 | D |
| 113 | B |
| 114 | B |
| 115 | A |
| 116 | A |
| 117 | D |

**111.** *A*, *B* નાં 150% છે. *B* એ (*A* + *B*) નાં કેટલા ટકા થાય?

(A) $33\frac{1}{3}\%$ (B) 40%

(C) $66\frac{2}{3}\%$ (D) 75%

**112.** નીચે આપેલ વાક્યમાંથી રેખાંકિત ક્રિયાવિશેષણનો પ્રકાર જણાવો.

ધ્યાનાએ પાંચ કલાક વાંચ્યું.

(A) ક્રમવાચક (B) કારણવાચક

(C) સ્થળવાચક (D) સમયવાચક

**113.** વિધાનસભામાં પ્રશ્નકાળ દરમ્યાન ધારાસભ્યને પ્રશ્ન પૂછવાની કોણ ના પાડી શકે?

(A) મુખ્ય પ્રધાન (B) સ્પીકર

(C) સંસદીય સચીવ (D) મુખ્ય સચીવશ્રી

**114.** They _____ a new business for five years.

(A) have been starting (B) have started

(C) started (D) did started

**115.** 'ગુજરાત રાજ્ય વકફ બોર્ડ'ની સ્થાપના ક્યા વર્ષમાં કરવામાં આવેલ છે?

(A) 1996 (B) 1998

(C) 1994 (D) 1999

**116.** 'અમે રે સુકું રૂનું પૂમડું, તમે અત્તર રંગીલા રસદાર' પંક્તિના સર્જકનું નામ જણાવો.

(A) મકરંદ દવે (B) નિરંજન ભગત

(C) રમેશ પારેખ (D) વિનોદ જોશી

**117.** 5% પાણીવાળા 10 લિટર દૂધમાં કેટલું 100% શુદ્ધ દૂધ ઉમેરવાથી 2% પાણીવાળું દૂધ મળે?

(A) 5 લિટર (B) 7 લિટર

(C) 10 લિટર (D) 15 લિટર



for more solved papers please visit
www.toppers-zone.com

118. એક સમયના ક્રાંતિકારી અને પોંડીચેરી આશ્રમના સ્થાપક અરવિંદ ઘોષે ગુજરાતના ક્યા દેશીરાજ્યમાં નોકરી કરી હતી?

(A) વડોદરા
(B) ગોંડલ
(C) ભાવનગર
(D) જામનગર

119. _____ you informed me, I would have come to receive you.

(A) If you had
(B) Have
(C) Were
(D) Had

| | |
|---|---|
| 118 | A |
| 119 | D |
| 120 | D |

120. મન્દાક્રાંતા છંદનું બંધારણ જણાવો.

(A) મતતભનગાગા
(B) મભતતનગાગા
(C) મતનભનગાગા
(D) મભનતતગાગા

121. ઈસરો દ્વારા તાજેતરમાં 3000 કિલોગ્રામથી વધુ વજન ધરાવતા કોમ્યુનિકેશન સેટેલાઈટ (ઉપગ્રહ)ને અવકાશમાં તરતો મૂકવામાં આવ્યો. આ ઉપગ્રહનું નામ જણાવો.

(A) GSAT-19
(B) GSAT-MK-3
(C) GSET-19
(D) GSLV-MK-3

122. The teacher _____ the students _____ on the bench as they had not done their homework.

(A) makes; standing
(B) made; standing
(C) made; stand
(D) make; stood

| | |
|---|---|
| 121 | A |
| 122 | C |
| 123 | રદ |
| 124 | A |

123. જુદી પડતી સંખ્યા શોધો.

(A) 751
(B) 734
(C) 981
(D) 853

124. નીચે આપેલ સાદા વાક્યને જોડતાં યોગ્ય સંયોજકને વિકલ્પમાંથી શોધો.
લાટ હોત તો લેત. કણબી છું. નઈ લઉં.

(A) પણ, એટલે
(B) તો, પણ
(C) જ્યાં... ત્યાં
(D) અથવા, માટે


for more solved papers please visit
www.toppers-zone.com
www.marugujarat.in

**125.** When I was a child, I _____ under this banyan tree.

(A) were playing
(B) have been playing
(C) had been playing
(D) were played

**126.** ગુજરાત રાજ્યના ખેડા જિલ્લાને નીચે દર્શાવેલ જિલ્લાઓ પૈકી ક્યા જિલ્લાની હદ સ્પર્શતી નથી?

(A) અરવલ્લી
(B) આણંદ
(C) છોટા ઉદેપુર
(D) મહીસાગર

| | |
|---|---|
| 125 | C |
| 126 | C |
| 127 | D |
| 128 | C |
| 129 | D |
| 130 | B |
| 131 | D |

**127.** 1920માં ગુજરાત વિદ્યાપીઠ સૌ પ્રથમ કોના બંગલામાં શરૂ કરવામાં આવી?

(A) સર ચીનુભાઈ બેરોનેટ
(B) શેઠ અંબાલાલ સારાભાઈ
(C) બૅરીસ્ટર જીવણલાલ દેસાઈ
(D) ડાહ્યાભાઈ મહેતા

**128.** 'સવાઈ ગુજરાતી' કાકાસાહેબ કાલેલકરનું જન્મસ્થળ જણાવો.

(A) શિયાણી
(B) શિનોર
(C) સતારા
(D) ગાણોલ

**129.** 18 કામદારો 10 દિવસમાં 900 પુસ્તકો બાંધે છે. તો 12 દિવસમાં 660 પુસ્તકો બાંધવા કેટલા કામદાર જોઈએ?

(A) 22
(B) 14
(C) 13
(D) 11

**130.** At 9:00 a.m. tomorrow, I _____ in a bus with my parents.

(A) will travelling
(B) will be travelling
(C) will be travel
(D) will travel

**131.** રાજસ્થાનના ઉદેપુર શહેર ખાતે કયું એરપોર્ટ આવેલ છે?

(A) વિર દુર્ગાદાસ એરપોર્ટ
(B) મહારાજા ગાયકવાડ એરપોર્ટ
(C) મહારાજા શિવાજી એરપોર્ટ
(D) મહારાણા પ્રતાપ એરપોર્ટ



www.marugujarat.in

for more solved papers please visit
www.toppers-zone.com

132. નીચે આપેલા અર્થભેદ : શબ્દભેદમાંથી ખોટો વિકલ્પ શોધો.

(A) આંગલું - ઝભલું
(B) આગલું - આંગળું
(C) ઈનામ - બક્ષિસ
(D) ઈમાન - પ્રામાણિકતા

133. જો કોઈ કારણસર રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ બંનેના પદ ખાલી હોય ત્યારે એમના કાર્યો કોણ સંભાળે છે?

(A) એટર્ની જનરલ
(B) લોકસભાના સભાપતિ
(C) ભારતના મુખ્ય ન્યાયાધીશ
(D) મુખ્ય ચૂંટણી અધિકારી

134. હૃદયના સતત ધબકવાની ક્રિયાનું નિયંત્રણ ____ દ્વારા થાય છે.

(A) બૃહદ્‌મસ્તિષ્ક
(B) લઘુમસ્તિષ્ક
(C) મધ્યમગજ
(D) લંબમજ્જા

135. You ____ permission of your parents before taking such an important decision.

(A) should have seek
(B) should sick
(C) should have sought
(D) should have saught

136. અલંકારનો પ્રકાર વિકલ્પમાંથી શોધો :

મારા ભાઈનું બારમું પતી ગયું.

(A) ઉપમા
(B) વ્યતિરેક
(C) શ્લેષ
(D) વ્યાજસ્તુતિ

137. એક ટ્રેઈન અને પ્લેટફોર્મની લંબાઈ સમાન છે. જો 90 કિ.મી./કલાકની ઝડપે ટ્રેઈન પ્લેટફોર્મને 1 મિનિટમાં પસાર કરે છે. તો ટ્રેઈનની લંબાઈ કેટલાં મીટર હોય?

(A) 500
(B) 600
(C) 750
(D) 900

138. આયોજનપંચની રચના ક્યારે કરવામાં આવી?

(A) 15 ઓગષ્ટ, 1950
(B) 31 માર્ચ, 1950
(C) 26 જાન્યુઆરી, 1950
(D) 15 માર્ચ, 1950

| | |
|---|---|
| 132 | B |
| 133 | C |
| 134 | D |
| 135 | C |
| 136 | C |
| 137 | C |
| 138 | D |



for more solved papers please visit
www.toppers-zone.com

**139.** આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિ વધુ લોક-સ્વીકૃત બનાવવા રાજ્ય સરકારશ્રીના આરોગ્ય અને કલ્યાણ વિભાગ દ્વારા વર્ષ 2002માં ક્યા બોર્ડની રચના કરવામાં આવી છે?

(A) ગુજરાત ઔષધીય ચિકિત્સા બોર્ડ
(B) ગુજરાત ઔષધ - વનસ્પતિ બોર્ડ
(C) ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડ
(D) ગુજરાત વનસ્પતિ ઔષધી બોર્ડ

**140.** નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો :

(a) બકુલ ત્રિપાઠી — (1) કથક
(b) ગુલાબદાસ બ્રોકર — (2) ઠોઠ નિશાળિયો
(c) રાજેશ વ્યાસ — (3) અદલ
(d) અરદેશર ખબરદાર — (4) મિસ્કિન

(A) b-4, a-3, c-2, d-1
(B) a-3, b-2, c-1, d-4
(C) c-1, d-2, a-4, b-3
(D) d-3, c-4, a-2, b-1

| | |
|---|---|
| 139 | C |
| 140 | D |
| 141 | A & C |
| 142 | A |
| 143 | B |

**141.** Select the most similar word in meaning to 'Vulnerable'.

(A) Risky
(B) Challenging
(C) Insecure
(D) Promising

**142.** તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ખૂલ્લો મૂકાયેલ ''ભુપેન હજારીકા બ્રિજ'' બે અલગ-અલગ પ્રદેશોના ક્યા ગામોને જોડે છે?

(A) ઢોલા - સદિયા
(B) બિહાપરા - ગોપચર
(C) ગોપચર - ઢોલા
(D) સદિયા - બિહાપરા

**143.** નમિતા પશ્ચિમ તરફ 14 મીટર ચાલીને તેની જમણી બાજુ વળાંક લઈ 14 મીટર ચાલે છે અને પછી ડાબી તરફ 10 મીટર ચાલે છે. ફરીથી તે ત્યાંથી ડાબી તરફ 14 મીટર ચાલે છે. તો તે તેનાં પ્રારંભિક સ્થાનથી ઓછામાં ઓછા કેટલા મીટર અંતરે છે?

(A) 10 મીટર
(B) 24 મીટર
(C) 28 મીટર
(D) 38 મીટર



www.marugujarat.in
for more solved papers please visit
www.toppers-zone.com

**144.** નીચેના વિકલ્પમાંથી વર્ણાનુપ્રાસ અલંકારનું ઉદાહરણ શોધો.

(A) ગિલો ગામમાં ગયો.
(B) યામિનીનું મુખ ચંદ્ર.
(C) દમયંતીનું મુખ જાણે ચંદ્ર.
(D) સત્ય પરમેશ્વર છે.

| | |
|---|---|
| 144 | A |
| 145 | C |
| 146 | C |
| 147 | C |
| 148 | C |
| 149 | B |
| 150 | C |

**145.** ગુજરાતમાં બુદ્ધનો સ્તૂપ ક્યાં આવેલો છે?

(A) વેરાવળ
(B) દ્વારકા
(C) દેવની મોરી
(D) વલસાડ

**146.** Select the most opposite word in meaning to 'Inadvertently'.

(A) Sansibly
(B) Indifferently
(C) Knowingly
(D) Unwittingly

**147.** ગુજરાત રાજ્યના સુરેન્દ્રનગર જિલ્લાને ક્યા જિલ્લાની હદ સ્પર્શતી નથી?

(A) બોટાદ
(B) મોરબી
(C) ભાવનગર
(D) અમદાવાદ

**148.** આપેલા વાક્યમાંથી ખોટા પદપ્રત્યય શોધી વિકલ્પમાંથી સાચા પ્રત્યય શોધો:

ધરતી પર મોતનું વરસાદ વરસી રહ્યો.

(A) ને
(B) થી
(C) નો
(D) ની

**149.** 40% નફો ચડાવીને છાપેલી કિંમત પર કેટલા ટકા વળતર આપવાથી વેપારીને 19% નફો થાય?

(A) 5%
(B) 15%
(C) 9%
(D) 7%

**150.** વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા લોન્ચ કરાયેલ BHIM એપ નું પૂરું નામ જણાવો.

(A) Bharat Interface of Money
(B) Bharat Interfinancial for Money
(C) Bharat Interface for Money
(D) Bharat Intraface for Money



for more solved papers please visit
www.toppers-zone.com

www.marugujarat

**151.** Find the correct spelling for a respiratory disease.

(A) Neumonia
(B) Numonia
(C) Pneumonia
(D) Pnumoniya

**152.** યુગમૂર્તિ વાર્તાકાર રમણલાલ દેસાઈનું જન્મસ્થળ જણાવો.

(A) શિયાણી
(B) રાજપીપળા
(C) શિનોર
(D) નડિયાદ

**153.** ડાયનાસોરના ઈંડાનું અવશેષ સ્થળ રૈયાલી ક્યા જિલ્લામાં આવેલું છે?

(A) તાપી
(B) સુરત
(C) મહીસાગર
(D) વડોદરા

**154.** ગુજરાતનું પ્રથમ રાજ્ય નાણાંપંચ ક્યા સમયગાળા માટે ભલામણ કરવા નિમાયું હતું?

(A) 1993–98
(B) 2000–05
(C) 2002–07
(D) 1995–2000

**155.** 143નાં અવયવોની સરાસરી શોધો.

(A) 43
(B) 47
(C) 42
(D) 37

**156.** નીચે આપેલ વાક્યમાંથી રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.

કડવાં કારેલા સૌને ભાવે.

(A) આકારવાચક
(B) ગુણવાચક
(C) પ્રમાણવાચક
(D) સ્વાદવાચક

**157.** Pintu is an _____ child with a violent temper.

(A) obedient
(B) obstinate
(C) honourable
(D) obeying

| | |
|---|---|
| 151 | C |
| 152 | C |
| 153 | C |
| 154 | D |
| 155 | C |
| 156 | B & D |
| 157 | B |



www.marugujarat.in

for more solved papers please visit
www.toppers-zone.com

158. XML નું પૂરું નામ શું છે?

(A) Extensible Markup Language
(B) Extreme Memory Language
(C) Extensible Memory Line
(D) Extra Markup Language

159. ગુજરાત રાજ્યમાં ડાયરેક્ટર ઓફ મ્યુનિસિપાલિટીઝની સ્થાપના ક્યા વર્ષથી કરવામાં આવી?

(A) 1969
(B) 1963
(C) 1967
(D) 1965

| | |
|---|---|
| 158 | A |
| 159 | D |
| 160 | B |

160. નીચે આપેલ શબ્દોમાંથી ક્યો શબ્દ 'પરિત્રાણ' શબ્દનો સમાનાર્થી નથી તે જણાવો.

(A) આત્મરક્ષણ
(B) સંબંધિત
(C) અટકાવ
(D) કવચ

161. અંગ્રેજી મૂળાક્ષરોની શ્રેણી *ABCD........Z* માં ડાબી બાજુના છેડેથી 18મા અને જમણી બાજુના છેડેથી દસમા મૂળાક્ષરની બરાબર મધ્યમાં ક્યો મૂળાક્ષર આવે?

(A) *P*
(B) *S*
(C) આપેલ વિકલ્પોમાંથી કોઈ નહીં
(D) કોઈ મૂળાક્ષર નહીં

162. Find the nearest meaning of 'Embrace'.

(A) Exclude
(B) Throw out
(C) Turn out
(D) Include

| | |
|---|---|
| 161 | D |
| 162 | D |
| 163 | C |

163. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના કન્યા કેળવણી મહોત્સવ-2017 નો આરંભ ક્યા સ્થળેથી કર્યો?

(A) સંજેલી તાલુકો
(B) ગરબાડા તાલુકો
(C) ઝાલોદ તાલુકો
(D) ધાનપુર તાલુકો



for more solved papers please visit
www.toppers-zone.com

| | |
|---|---|
| 164 | B |
| 165 | D |
| 166 | B |
| 167 | B |
| 168 | B |
| 169 | B |
| 170 | B |

**164.** વાછરડું જોયા વિના દૂધ દોહવા દેતી ગાય -

(A) અવલી
(B) કવલી
(C) સાવલી
(D) ઝાવલી

**165.** _____ is a word which expresses some sudden feelings.

(A) A conjunction
(B) A preposition
(C) A noun
(D) An interjection

**166.** ઓપન ઓફિસમાં વર્ડ એપ્લિકેશન જેવું કાર્ય કરતી એપ્લિકેશન કઈ છે?

(A) IMPRESS
(B) WRITER
(C) CALC
(D) (A), (B), (C) ત્રણમાંથી એકપણ નહીં

**167.** ભારતનું રાષ્ટ્રીય ચિહ્ન ક્યાંથી લેવામાં આવ્યું છે?

(A) રાણા કુંભાના વિજય સ્તંભમાંથી
(B) વારાણસીમાં આવેલા સારનાથ સ્તંભમાંથી
(C) જલીયાનવાલા બાગના લોહ સ્તંભમાંથી
(D) જુનાગઢના અશોક શીલાલેખમાંથી

**168.** સંધિ જોડો.

સ + અંગ + ઉપ + અંગ

(A) સંગોપાગ
(B) સાંગોપાંગ
(C) સર્ગોપાંગ
(D) સાંગાઉપાંગ

**169.** Ours is a _____ school.

(A) girls
(B) girls'
(C) girl's
(D) boys

**170.** ધાતુના એક ગોળાની ત્રિજ્યા 10 સે.મી. છે. તેને પીગાળીને તેમાંથી 1 સે.મી. વ્યાસવાળી _____ ગોળીઓ બનાવી શકાય.

(A) 2000
(B) 8000
(C) 6000
(D) 5000



for more solved papers please visit
www.toppers-zone.com

www.marugujarat.in

**171.** ઇન્સ્યુલિનનો સ્ત્રાવ કરતું અંગ કયું છે?

(A) સ્વાદુપિંડ
(B) જઠર
(C) યકૃત
(D) પિત્તાશય

**172.** ઉમાશંકર જોશીએ પોતાના અભ્યાસગ્રંથમાં કોને કાન્તદ્રષ્ટા કવિ કહ્યો છે?

(A) પ્રેમાનંદ
(B) દયારામ
(C) અખો
(D) દલપતરામ

**173.** રોહલા નેશનલ પાર્ક કયા રાજ્યમાં આવેલ છે?

(A) હિમાચલ પ્રદેશ
(B) આસામ
(C) કર્ણાટક
(D) રાજસ્થાન

**174.** My uncle lives in the ____ house.
(Use the proper form of 'nigh')

(A) next
(B) nigher
(C) near
(D) nearest

**175.** હળવદ તાલુકો ગુજરાત રાજ્યના ક્યા જિલ્લામાં આવેલ છે?

(A) અમદાવાદ
(B) મોરબી
(C) સુરત
(D) રાજકોટ

**176.** સંધિ છોડો.

ખિન્ન

(A) ખિદ્ + ન
(B) ખિદ + ન
(C) ખિન્ + ન
(D) ખિદ + ન્

**177.** સાદુરુપ આપો:

$$9\frac{3}{4}+7\frac{2}{12}-9\frac{1}{15}= ____$$

(A) $12\frac{17}{20}$
(B) $7\frac{17}{20}$
(C) $8\frac{17}{20}$
(D) $11\frac{17}{20}$

| | |
|---|---|
| 171 | A |
| 172 | C |
| 173 | A |
| 174 | A |
| 175 | B |
| 176 | A |
| 177 | B |



www.marugujarat
for more solved papers please visit
www.toppers-zone.com

178. દરિયાઈ ખનીજ તેલનું ઉદ્ભવસ્થાન આલિયાબેટ ક્યા જિલ્લામાં આવેલું છે?

(A) જામનગર
(B) ભરૂચ
(C) અમદાવાદ
(D) આણંદ

179. Both the tiger and the leopard are cats; the former animal is much larger than the _____.

(A) later
(B) letter
(C) latter
(D) laiter

| | |
|---|---|
| 178 | B |
| 179 | C |
| 180 | C |
| 181 | B |
| 182 | B |
| 183 | B |
| 184 | D |
| 185 | D |

180. રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો.

ઓછું આવવું

(A) વધારે ન હોવું
(B) ખૂશ થવું
(C) દુ:ખ થવું
(D) કરકસર કરવી

181. ગાંધીજી સમાનતાના ચૂસ્ત આગ્રહી હતા. કોચરબ ખાતે તેમણે શરૂ કરેલ આશ્રમમાં સામાન્ય વર્ગના લોકો સાથે ગરીબ અંત્યજ (હરિજન) પરિવારનો સમાવેશ કરવા તેમને સૌ પ્રથમ કોણે ભલામણ કરી?

(A) મદનગોપાલ શર્મા
(B) અમૃતલાલ ઠક્કર
(C) જીવણલાલ બારિસ્ટર
(D) ગોપાળકૃષ્ણ ગોખલે

182. તાજેતરમાં વિશ્વના એક દેશમાં આવેલ જર્મન એમ્બેસી નજીક કાર બોમ્બ/ટ્રક બોમ્બ દ્વારા આતંકી હુમલો કરવામાં આવ્યો, જેમાં અનેક નિર્દોષ નાગરિકોએ જાન ગુમાવ્યા. આ દેશનું નામ જણાવો.

(A) તુર્કી
(B) અફઘાનિસ્તાન
(C) ઈરાક
(D) સિરીયા

183. $ABCD$ માં ($A \rightarrow Z = 26 \rightarrow 1$) મુજબ જોતાં $Y + Z = X$, $W + X = T$ અને $W + Z = V$ હોય તો $T + U =$ _____

(A) $D$
(B) $N$
(C) $Q$
(D) $P$

184. ગુજરાતી ભાષાને અન્ય ભાષા જેવું ગૌરવ ન મળે ત્યાં સુધી પાઘડી ન પહેરવાની પ્રતિજ્ઞા કોણે લીધી હતી?

(A) નર્મદ
(B) શામળ
(C) દલપતરામ
(D) પ્રેમાનંદ

185. Rama is _____ than prudent.

(A) as brave
(B) braver
(C) braverer
(D) more brave



for more solved papers please visit
www.toppers-zone.com

186. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ અંદાજપત્ર 2017-18 અન્વયે ક્યા વિસ્તારમાં ક્વોરેન્ટાઈન સ્ટેશન બનાવવાનું ઠરાવવામાં આવ્યું છે?

(A) મહેસાણા
(B) દાહોદ
(C) ગઢડા
(D) અંજાર

187. 1935માં ભારતીય રીઝર્વ બેંકની મુખ્ય ઓફિસ ક્યા શહેરમાં શરૂ કરવામાં આવી?

(A) હૈદરાબાદ
(B) દિલ્હી
(C) કલકત્તા
(D) મુંબઈ

| | |
|---|---|
| 186 | A |
| 187 | C |
| 188 | A |
| 189 | D |
| 190 | C |
| 191 | D |
| 192 | B |

188. નીચે આપેલ તળપદા શબ્દનું શિષ્ટ રૂપ વિકલ્પમાંથી શોધો.

લેખું

(A) હિસાબ
(B) લખવું
(C) લાખ
(D) લડવું

189. એક ભાગાકારમાં ભાજક, ભાગફળ કરતાં 10 ગણો અને શેષ કરતાં 5 ગણો છે. જો શેષ 46 હોય તો ભાજ્ય શોધો.

(A) 4236
(B) 4306
(C) 4336
(D) 5336

190. People believe that the _____ a thing is, the _____ durable it is. (costly + much)

(A) more costly; much
(B) more costlier; more
(C) costlier; more
(D) costlier; less

191. નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો.

(a) World Tuberculosis Day — (1) 5 September
(b) Anti-Terrorism Day — (2) 30 January
(c) Teachers' Day — (3) 24 March
(d) World Leprosy Eradication Day — (4) 21 May

(A) d-4, a-3, c-2, b-1
(B) c-2, d-1, a-3, b-4
(C) b-1, c-4, a-2, d-3
(D) a-3, b-4, d-2, c-1

192. સાચી જોડણી શોધો.

(A) સુનમૂન
(B) સૂનમૂન
(C) સુનમુન
(D) સૂનમુન



for more solved papers please visit
www.toppers-zone.com

193. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કયા વર્ષથી અસ્તિત્વમાં આવ્યું?

(A) 1970
(B) 1974
(C) 1980
(D) 1985

194. સામાન્ય રીતે ભારતીય રાષ્ટ્રગીતની આખી ધૂન રચનાને પૂરી કરવામાં આશરે કેટલો સમય લાગે છે?

(A) 47 સેકન્ડ
(B) 58 સેકન્ડ
(C) 52 સેકન્ડ
(D) 62 સેકન્ડ

195. _____ friends he has are all poor.

(A) Few
(B) A few
(C) Fewer
(D) The few

196. શેખાદમ આબુવાલાનો કાવ્યસંગ્રહ જણાવો.

(A) ઘુંઘટ
(B) ગોરજ
(C) પારસમણી
(D) હવાની હવેલી

197. એક સંખ્યાના $\frac{3}{5}$ ગણાનાં 60% કરવાથી 36 મળે છે. તો તે સંખ્યા શોધો.

(A) 80
(B) 100
(C) 75
(D) 90

198. તારાઓનું ટમટમતું દેખાવા માટે કઈ પ્રકાશીય ઘટના જવાબદાર છે?

(A) વાતાવરણીય પરાવર્તન
(B) વાતાવરણીય વક્રીભવન
(C) પરાવર્તન
(D) પૂર્ણ આંતરિક પરાવર્તન

199. ગુજરાત રાજ્યના અરવલ્લી જિલ્લાને નીચે દર્શાવેલ જિલ્લાઓ પૈકી ક્યા જિલ્લાની હદ સ્પર્શતી નથી?

(A) દાહોદ
(B) ખેડા
(C) સાબરકાંઠા
(D) મહીસાગર

200. ખોટી જોડણી શોધો.

(A) પરિચારિકા
(B) પરિચિત
(C) વીજળી
(D) હોશિંયાર

| | |
|---|---|
| 193 | B |
| 194 | ૨૬ |
| 195 | D |
| 196 | D |
| 197 | B |
| 198 | B |
| 199 | A |
| 200 | D |

www.marugujarat.in



for more solved papers please visit
www.toppers-zone.com